# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-08-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ગુટખાં પર પ્રતિબંધ:

**રાજ્યમાં તમાકું અને નિકોટિન ધરાવતા ગુટખાં અને પાનમસાલાના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેપાર પર લગાવેલા પ્રતિબંધને આગામી એક વર્ષ સુધી લંબાવાયો છે, જેનો અમલ આગામી 13 સપ્ટેમ્બરથી શરૂ થશે. આ પ્રતિબંધ કોઈ પણ નામે ઓળખાતા તમાકું કે નિકોટિન-યુક્ત ગુટખાં અને પાન મસાલા પર લાગુ પડશે.**

**ઉપરાંત, અલગ-અલગ વેચાતા એવા ઘટકો કે, જેના મિશ્રણથી અંતિમ ઉત્પાદન તરીકે ગુટખાં કે પાન મસાલા તૈયાર થતા હોય, તેના પર પણ પ્રતિબંધ રહેશે. આ આદેશનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

**-----------------------------------------------------------------------------------------------**

## આહિરપટ્ટી વિસ્તારમાં પાકને અસર:

**ભુજ તાલુકાના આહિરપટ્ટી વિસ્તારમાં વરસાદ ખેંચાતાં ચોમાસું પાક પાણી વિના સૂકાવા લાગ્યો છે, જેના કારણે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.**

**ખરીફ સિઝન દરમિયાન ભુજ તાલુકામાં કુલ ૫૫,૫૫૯ હેક્ટર જમીનમાં વિવિધ પાકોનું વાવેતર થયું છે, જેમાં ૨૨,૨૯૫ હેક્ટરમાં એરંડા અને ૭,૭૯૧ હેક્ટરમાં મગફળીનું વાવેતર મુખ્યત્વે સામેલ છે. પાણીના અભાવે મગફળીમાં યોગ્ય સમયે દાણો ન બેસવાથી ભારે નુકસાન થયું છે, જ્યારે ફ્લાવર અને ટામેટા જેવા શાકભાજી બજારમાં વેચાણ અર્થે મૂકવા લાયક પણ રહ્યા નથી. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, પિયતના અભાવે એરંડાના પાકમાં ૭૫ ટકા જેટલું જંગી નુકસાન જવાની ભીતિ છે.**

---

## પચ્છમ વિસ્તારમાં શ્રમજીવી વર્ગ ચિંતામાં:

ભુજ તાલુકાના સરહદી પચ્છમ વિસ્તારમાં વરસાદના અભાવે ખેતી અને પશુપાલન પર નભતા લોકો ચિંતિત બન્યા છે. સીમાડામાં ઘાસ સૂકાઈ રહ્યું છે અને તળાવો ખાલી થઈ રહ્યા છે. અગાઉ સોલાર એનર્જી પ્રોજેક્ટ અને આર.ઈ. પાર્કને કારણે હજારો મજૂરવર્ગને સારી રોજગારી મળી હતી, પરંતુ જુલાઈમાં પડેલા ભારે વરસાદ અને રણમાં પાણી ભરાવાને કારણે છેલ્લા બે મહિનાથી તમામ મોટા કામો બંધ છે. તેના કારણે પાંચ હજારથી વધુ સ્થાનિક શ્રમિકોની આજીવિકા પર ગંભીર અસર પડી છે. હજુ પણ વરસાદની શંકાના કારણે કોન્ટ્રાક્ટરો કામ શરૂ કરવા તૈયાર નથી જેના કારણે શ્રમીકોની હાલત વધુ કફોડી બની છે.

---

## ભુજમાં મેળા માટે કોન્ટ્રાક્ટ ફાળવાયા:

ભુજના હમીરસર તળાવના કિનારે યોજાતા પરંપરાગત સાતમ-આઠમના મેળાનો ચાર દિવસીય કોન્ટ્રાક્ટ **8.96** લાખ રૂપિયામાં  ફાળવવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીમાં નગરપાલિકાને આ વર્ષે દોઢ લાખ રૂપિયા વધુ મળ્યા છે. આગામી **3** અને **4** સપ્ટેમ્બરે બે દિવસીય મેળો યોજાનાર છે, પરંતુ વીકએન્ડ હોવાને કારણે કોન્ટ્રાક્ટર દ્વારા વધુ બે દિવસ મેળો ચલાવવામાં આવશે, જેથી આ મેળો ચાર દિવસીય બનશે. હમીરસર તળાવ વરસાદના અભાવે ખાલી છે તેમ છતાં લોકોમાં મેળાને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કચ્છ ઉપરાંત દેશ-વિદેશથી પણ મોટી સંખ્યામાં લોકો આ મેળો માણવા માટે ખાસ ભુજ આવે છે.

---

## GRD-SRDમાં ભરતી:

પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ દળ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે ગ્રામ રક્ષક દળ **(GRD)** અને સાગર રક્ષક દળ **(SRD)** માં પુરુષ તથા મહિલા ઉમેદવારો માટે માનદ વેતન આધારિત ખાલી જગ્યાઓ ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છુક સ્થાનિક ઉમેદવારોએ આગામી ૨૯ ઓગષ્ટથી ૫ સપ્ટેમ્બર દરમિયાન પોતાના નજીકના તાલુકા હેડક્વાર્ટર પોલીસ સ્ટેશનેથી નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવી લેવાનું રહેશે. ત્યારબાદ ભરેલું ફોર્મ તમામ જરૂરી આધાર-પુરાવા સાથે સમયસર જમા કરાવવાનું રહેશે.

ઉમેદવારની વયમર્યાદા ૨૦ થી ૫૫ વર્ષ અને શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછું ધોરણ ૭ પાસ આવશ્યક છે.

---------------------------------------------------------------------------------------------------

## TAT-S પરીક્ષા કેન્દ્ર કચ્છમાં ફાળવવા રજુઆત:

આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાનારી **TAT-S** મેન્સ પરીક્ષામાં કચ્છને કેન્દ્ર ન ફાળવાતા સ્થાનિક ઉમેદવારોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. ભૌગોલિક રીતે વિશાળ અને પૂરતી સુવિધાઓ ધરાવતા આ જિલ્લાના છાત્રોએ પરીક્ષા માટે અમદાવાદ સુધી ૪૦૦ કિલોમીટરથી વધુ લાંબી મુસાફરી કરવી પડે છે, જેનાથી નાણાં અને સમયનો મોટો વ્યય થાય છે.

ખાસ કરીને મહિલાઓ અને દૂરના તાલુકાના ઉમેદવારોની સુરક્ષા તથા હાલાકીને ધ્યાનમાં રાખીને ભુજ ખાતે જ કેન્દ્ર ફાળવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે. આ સંદર્ભે અંદાજે ૬૩૦ જેટલા ઉમેદવારોએ રાજ્યના શિક્ષણમંત્રીને લેખિત પત્ર પાઠવીને કચ્છમાં જ પરીક્ષા કેન્દ્ર ફાળવવા માટે રજૂઆત કરી છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન :-

રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદી માહોલ તો કેટલીક જગ્યાએ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. દરમિયાન બપોરે 12 વાગ્યા સુધીમાં 20 તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 75 ટકાથી વધુ વરસાદ નોંધાયો.

બીજી તરફ, હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે માછીમારોને પણ આજે દરિયામાં જતા પહેલા સાવધાની રાખવાની સલાહ અપાઈ છે.

---

## માંડવી તાલુકાના વાડી વિસ્તારના માર્ગોનું નિર્માણ :-

માંડવી તાલુકાના વાડીવિસ્તારના માર્ગોનાં નિર્માણ માટે ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે દ્વારા વીરાયતન નજીક અંદાજે 2.46 કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્યના હસ્તે તલવાણાને જોડતા વાડીવિસ્તારના માર્ગનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે કંઢરાઈ ચોકી બસ સ્ટેશનથી વાડીવિસ્તારને જોડતા માર્ગ તેમજ વેકરા ગ્રામ પંચાયતને ગાર્બેજ કલેક્શન માટે ટ્રેક્ટર-ટ્રોલીનું લોકાર્પણ કરાયું હતું.

---